## જન્મદિને વધામણી



મંગળદાસ એમ સુરજકર
મો. ૯૬૦૧૬ ૨૧૬૯૫



રીયા તુષાર દવે
મો. ૯૬૦૧૪ ૭૧૫૧૨



કમલેશસિંહ બી વાઘેલા
રજવાડી ભોજનાલય, સે. ૧૬
મો. ૭૨૨૭૦ ૧૯૯૯૯



કમલા એમ પ્રજાપતિ
લાયોનેસ ક્લબ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# એસ. કે. પટેલ શાળામાં યોજાઈ રંગારંગ ચિત્રસ્પર્ધા



ગાંધીનગર, તા. ૫

કડી સર્વવિદ્યાલય સંચાલિત એસ. કે. પટેલ ઈંગ્લિશ મીડિયમ પ્રિ-પ્રાયમરી શાળામાં ૦૩/૦૨/૨૦૧૮ના રોજ ચિત્રસ્પર્ધા યોજાઈ ગઈ. બાળકોએ ચિત્રમાં અત્યંત ઉત્સાહથી પોતાના મનપસંદ રંગો પૂરીને પોતાની કાલ્પનિક સૃષ્ટિનું તાદશ ચિતાર હૂબહુ રજૂ કર્યો હતો અને પોતાના મનોવિશ્વનું સર્જન કર્યું હતું.બાળકોની કલાશક્તિના વિકાસ માટે આ ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ.

શાળાના બાળકોએ આ સ્પર્ધાને મનભરીને માણી હતી અને શાળાના વાતાવરણને રંગબેરંગી રંગો ભરીને જીવંત બનાવ્યું હતુ.

## એસજી સ્કૂલની વિદ્યાર્થિની બૅડમિન્ટન સ્પર્ધામાં ઝળકી



ગાંધીનગર, તા. ૫

ખોખરા,અમદાવાદ ખાતે યોજાયેલ પાકા બેડમિન્ટન ટુર્નામેન્ટમાં એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધો -૭-ઈ માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની ફલોરા એંજિનિયરે અંડર ૧૩ સિંગલ ગર્લ્સ સ્પર્ધામાં પ્રથમ વિજેતાક્રમ, અંડર ૧૫ સિંગલ ગર્લ્સ સ્પર્ધામાં દ્વિતિય વિજેતાક્રમ, અંડર ૧૭ સિંગલ ગર્લ્સ સ્પર્ધામાં તૃતિય વિજેતાક્રમ પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે.

શાળા પરિવાર વતી આચાર્ય મિલી સિંઘે વિજેતા વિદ્યાર્થિની ઉપરાંત વ્યાયામ શિક્ષક ચંદ્રેશભાઈ અને આશિષભાઈને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

# કોલેજોમાં ચાલતી સેમેસ્ટર પદ્ધતિ અંગે જરૂરી સુધારા-વધારા કરવા રાજ્ય સરકારની વિચારણા

## વિદ્યાર્થીમંડળો અને વાલીમંડળો સાથે વિસ્તૃત પરામર્શ કરી પોતાના અભિપ્રાય સાથે આ અંગેનો વિસ્તૃત અહેવાલ આપવા કુલપતિઓને શિક્ષણ મંત્રીશ્રીની સૂચના

ગાંધીનગર, તા. ૫

રાજ્યની કોલેજોમાં અપાતા શિક્ષણમાં હાલની સેમેસ્ટર પદ્ધતિ સંદર્ભે આવતી અનેક પ્રકારની રજૂઆતોને ધ્યાનમાં લઈને કોલેજોમાં સેમેસ્ટર પદ્ધતિ અંગે વિદ્યાર્થીઓ અને શિક્ષણના હિતમાં જરૂરી સુધારા વધારા કરવા યોગ્ય છે કે કેમ, તે દિશામાં, શિક્ષણ વિભાગે વિચારણા હાથ ધરી છે. રાજયની સરકારી યુનિવર્સિટીઓના કુલપતિઓની શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને અને શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે અને અગ્ર સચિવશ્રી ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ શ્રીમતી અંજુ શર્માની ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે યોજાયેલ બેઠકમાં આ અંગે ચર્ચાવિચારણા હાથ ધરાઈ હતી. શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ બેઠકમાં વિદ્યાર્થીઓના હિતમાં હાલની પદ્ધતિમાં કઈ રીતે સુધારો થઈ શકે તે અંગે કુલપતિઓ વિદ્યાર્થીમંડળો અને વાલીમંડળો સાથે વિસ્તૃ?ત ચર્ચા વિચારણા કરી તેના તારણો અને પોતાના અભિપ્રાય સાથે ૧૫ દિવસની અંદર રાજ્ય સરકારને પોતાનો અહેવાલ આપે તેવી કુલપતિશ્રીઓને સૂચના આપી છે. આ બેઠકમાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષણના હિતમાં પ્રવેશ પરીક્ષા અને પરિણામ સમયસર થાય તેવું આયોજન કરવા શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કુલપતિશ્રીઓને સૂચના આપી હતી.

ગુણવત્તાયુક્ત શિક્ષણ અને વિદ્યાર્થીઓની યશસ્વી કારકિર્દી માટે સતત સર્ચ અને સર્ચ આધારિત રિસર્ચની માનસિકતાને વેગ આપવો જરૂરી છે, તેમ શિક્ષણ મંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું. ડૉકટરેટની ઉપાધિમાં વધુ ગુણવત્તાની જરૂરિયાત પર ભાર મૂકતાં શ્રી ચુડાસમાએ જણાવ્યું હતું, કે વધુમાં વધુ વિદ્યાર્થીઓ ગુણવત્તા સભર પીએચ.ડી.ની ઉપાધિ મેળવે તે માટે સઘન આયોજન ઉપરાંત મદદનીશ પ્રાધ્યાપક અને લેકચરર બનવા માટે લેવાતી ‘નેટ’ અને ‘સ્લેટ’ની પરીક્ષામાં વિદ્યાર્થીઓ વધુ સફળ થાય તે માટે કોચીંગ-માર્ગદર્શનની વ્યવસ્થા કરવા માટે પણ શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કુલપતિશ્રીઓને સૂચના આપી હતી.

કોલેજોના વર્ગોમાં વિદ્યાર્થીઓની હાજરી વધતી રહે તે માટે વ્યવસ્થા ગોઠવવી, પ્લેસમેન્ટ માટે કેમ્પ કરી વિદ્યાર્થીઓને રોજગારી મળે તે માટે આયોજન કરવું. તથા ગુણવત્તાલક્ષી શિક્ષણ માટે પણ જરૂરી વ્યવસ્થા કરવા સૂચના આપી હતી. હાલના ચાલુ અભ્યાસક્રમોમાં વર્તમાન અભ્યાસક્રમોને ધ્યાને લઈ તેમાં ફેરફાર કરવા હોય તો તમામ કુલપતિશ્રીઓને સાથે મળીને વિચારણા કરવા શિક્ષણમંત્રીશ્રીએ કુલપતિશ્રીઓને જણાવ્યું હતું.

# લગ્નોની ભરચક મૉસમ વચ્ચે પણ પુસ્તક પરબનું આકર્ષણ યથાવત



ગાંધીનગર, તા. ૫

લગ્નોની ભરચક મૉસમમાં પણ રવિવારે પુસ્તક પરબમાં મુલાકાતીઓની સંખ્યા ઉલ્લેખનીય રહી હતી. બસોથી વધુ પુસ્તકપ્રેમીઓએ પુસ્તક પરબની મુલાકાત લીધી હતી અને બે પુસ્તક તથા બે મેગેઝિન નિઃશુલ્ક પ્રાપ્ત કર્યા હતાં. ૨૫૧ પુસ્તકોની આવક અને ૩૬૮ પુસ્તકોની જાવકે પુસ્તક પ્રત્યેનો નગરજનોનો પ્રેમ યથાવત છે એ સાબિત કરી આપ્યું હતું.

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી ચાલતી પુસ્તક પરબમાં પ્રજ્ઞા પટેલ, કિશોર જીકાદરા, સંજય થોરાત, રોહિણી પરમાર, ધૂર્જટી પ્રજાપતિ, દિશાન્ત ગર્ગ, અજય ઉપાધ્યાય રવિવારે પ્રવૃત્ત રહ્યાં હતાં.

પુસ્તક પરબમાં કિશોર જીકાદરાનો જન્મદિવસ અનોખી ભેટથી ઉજવવામાં આવ્યો હતો. રોહિણી પરમારે એમનાં ચૂંટેલાં શેરની સ્કેપબૂક બનાવીને ચિત્રો, ક્રાફ્ટ અને કલાત્મક બનાવી પુસ્તક પરબ વતી કિશોરભાઈને ભેટ ધરતાં એ ભાવુક બની ગયા હતા.

## ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજની ગૌરવપૂર્ણ સિદ્ધિ

ગાંધીનગર, તા. ૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજ, સેકટર-૨૩ ગાંધીનગર, ને યુ.જી.સી. ના દ્ર.છ.છ.ઝ. એકમ દ્વારા મળેલ ‘છ’ ગ્રેડ સતત જાળવી રાખવા માટે તથા શિક્ષણ, સમાજ અને રાષ્ટ્રીય ક્ષેત્રે ઉત્તમોત્તમ પ્રદાન કરવા અંગે ગ્રાન્ટ ઈન એઈડ-નોન ટેકનીકલ કેટેગરીમાં તારીખ : ૨, ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ તરફથી, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે એવોર્ડ તથા માનનીય શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા ના હસ્તે પ્રમાણપત્ર, કોલેજ ના આચાર્યા ડૉ. અમૃતાબહેન પટેલને એનાયત કરવામાં આવ્યાં.

આ બહુમાન કોલેજની સાથે સાથે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ માટે પણ ગૌરવપૂર્ણ બાબત છે. આ માટે મંડળ ના ચેરમેન વલ્લભભાઈ પટેલે તથા સમગ્ર મંડળ પરિવારે સમગ્ર કોલેજ પરિવારને અભિનંદન પાઠવેલ છે.

### શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત

# ચૌધરી કૉમર્સ કૉલેજ ખાતે ‘ટ્રેડિશનલ ડે’ની ઉજવણી કરાઈ



શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કૉમર્સ કૉલેજ દ્વારા ‘ડે સૅલિબ્રેશન’ના ભાગરૂપે ટ્રેડિશનલ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર આ ઉજવણીમાં સામેલ થઈને ભારતીય વસ્ત્રો પરિધાન કર્યાં હતાં અને કૉલેજ કૅમ્પસને ભારતીય સંસ્કારોના રંગે રંગી દીધું હતું. ગુજરાતી સાડી, પંજાબી ડ્રેસ ઉપરાંત મહારાષ્ટ્રીય, મારવાડી, રાજપુતાના પરિધાન સાથે સજ્જ થઈ વિદ્યાર્થિનીઓએ વિવિધતામાં એકતાનાં દર્શન કરાવ્યાં હતાં.

# રોજ સવારે ૯૨ વર્ષનો એ યુવાન લોકોની મદદે નીકળી પડે




ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઓપરેશન થિયેટરની બહાર દીપક અને જયશ્રી વિશાદગ્રસ્ત ચહેરે બેઠાં હતાં. અડધા પોણા કલાક પછી ઓપરેશન થિયેટરનું બારણું સહેજ ખૂલ્યું અને એમાંથી ડોકટર શાહ જેવા બહાર આવ્યાં કે તરત દીપક અને જયશ્રી દોટ મૂકીને ડો. શાહ પાસે પહોંચી ગયા. ‘સાહેબ, કેવું છે રમણને ? રમણ સાજો તો થઈ જશે ને ? એ બોલે તો છે ને ? અમને યાદ કરે છે ? હું એને જોવા જાઉં...’ એક સાથે અનેક પ્રશ્નોની વણઝાર આ યુગલે ડોકટરની સામે ખડી કરી દીધી.

ડો. શાહે માત્ર એટલું જ કહ્યું ‘તમે હિમ્મત રાખજો. ઓપરેશન લાંબું ચાલશે. ઑપરેશન તો અમે સરકારના નિયમ અનુંસાર પૈસા વગર કરીશુ. પણ તમે આ કાગળમાં લખેલી આ દવાઓ ઝડપથી લઈને અહીં કાઉન્ટર પર પહોંચતી કરી દેજો.’

દીપકે એક શ્વાસે કહ્યું ‘હા સાહેબ. પણ આ દવાઓની કિંમત કેટલી થશે સાહેબ ?’

ડો. શાહે કહ્યું, ‘લગભગ આઠ - દસ હજાર જેવું થશે.’ આટલું કહીને ડો. શાહ પાછા ઓપરેશન થિયેટરમાં જતાં રહ્યા.

દીપક અને જયશ્રી પાછા ઓપરેશન થિયેટરની બહાર પલાંઠી વાળીને પાછા બેસી ગયાં

જયશ્રીએ દીપકને કહ્યું, ‘આટલાં બધાં રૂપિયા આપણે લાવશું ક્યાથી ?’

દીપકે વળતો જવાબ આપ્યો, ‘હા. હું પણ એજ ગડમથલમાં છું.’

દીપક અને જયશ્રીથી થોડા દૂર બેઠેલાં ગાંધીદાદા આ યુગલને છેલ્લા એકાદ કલાકથી સતત જોયા કરતાં હતાં. ગાંધીદાદા ધીમા ડગલે જયશ્રી અને દીપક પાસે આવ્યાં એને પૂછ્યું, ‘ક્યાંથી આવો છો ભાઈ ? કોનું ઓપરેશન છે ? શું કામ કરો છો ?’

દીપકે કહ્યું, ‘દાદા બાજુના ગામમાં ખેતમજૂરી કરું છું. બ્રાહ્મણનો દીકરો છું. મારો એકનો એક છોકરો નિશાળેથી પાછો આવ્યો ત્યારે અચાનક પેટમાં દુખાવાના કારણે બેવડ વળી ગયો હતો ? બોલી શકતો નહતો અને પરસેવે રેબઝેબ થઈ ગયો હતો. અમે એને લઈને ટ્રેકટરમાં અહીં શહેરમાં સિવિલમાં લઈ આવ્યા. ડોકટર સાહેબ આ દવા લાવવા કહે છે, પણ અમારી પાસે એટલાં પૈસા નથી.’ આટલું કહી દીપક અને જયશ્રી ચોંધાર આંસુએ રડી પડ્યા.

ગાંધીદાદાએ આ યુગલના માથે હાથ મુકીને કહ્યું, ‘બધું જ સાજું નરવું થઈ જશે.’ જયશ્રીને ઓપરેશન થિયેટર પાસે બેસાડીને ગાંધીદાદા દીપકને લઈને મેડિકલ સ્ટોરમાં ગયાં. દવાઓ ખરીદીને દીપકને આપી. પછી ગાંધી દાદા સિવિલમાં ગરીબ દરદીઓ માટે કામ કરતી ગાંધીનગરની એક સ્વૈચ્છિક સંસ્થામાં દીપકને લઈ ગયા. વધુ આર્થિક સહાયની જરૂર પડે તો મદદ કરવા સંસ્થામાં એમણે ભલામણ કરી.

દીપક અને જયશ્રી જેવાં કેટલાંય જરૂરિયાતમંદ લોકોની વ્હારે ધસી જાતા આ મુકસેવક ગાંધીદાદાએ કેટલાય લોકોના આશિર્વાદ મેળવ્યાં છે. સપ્તાહમાં ત્રણ દિવસ સોમ, બુધ અને શુક્ર ગાંધીદાદા સિવિલ હોસ્પિટલના રાઉન્ડમાં અચૂક હોય. હોસ્પિટલમાં ચુપચાપ ફરતાં જાય. એમની ચકોર નજર જરૂરિયાતમંદને શોધી કાઢે. કોઈપણ આડંબર કે પ્રચાર વગર જેને ખરેખર જરૂર હોય એમને મદદ આપવાની કોઈને કહ્યા વગર શરૂ કરી દે. પંદરેક દિવસમાં દીકરો રમણ સાજો નરવો થઈ ગયો. ત્રણેય જણાં હસીખુશીથી પાછાં ગામડે ગયાં અને આનંદ કિલ્લોલથી જીવવા લાગ્યાં.

સિવિલમાં ગાંધીદાદાને નામે ઓળખાતાં અને મિત્રોમાં ૯૨ વર્ષના યુવાન તરીકે જાણીતાં ડાહ્યાભાઈ શાંતિલાલ ગાંધી ૧૯૫૨માં સરકારી નોકરીમાં જોડાયા હતાં. એમને એક દીકરો અને એક દીકરી. હવે તો દીકરો પણ સેવા નિવૃત્ત થઈ ગયો છે. દીકરીને પરણાવી દીધી છે અને તે પણ સુખી પરિવારમાં આનંદથી રહે છે. પૌત્ર અમેરિકામાં કમ્પ્યુટરમાં માસ્ટર ડિગ્રીનો અભ્યાસ કરી રહ્યો છે. ગાંધી દાદાને સરસ મજાનું સરકારી પેન્શન મળે છે. આ પેન્શનમાંથી બચતી રકમનો ગાંધીદાદા આવી સેવાકીય પ્રવૃત્તિમાં આનંદપૂર્વક ઉપયોગ કરે છે.

૯૨ વર્ષના આ યુવાનની સવાર ચાર વાગે પડે છે. પુજાપાઠ કરીને ચા-નાસ્તો પતાવીને સ્કૂટી ઉપર સવાર થઈને દાદા શહેરમાં નીકળી પડે. ગાંધીદાદા ત્રણ-ત્રણ વાર અમરનાથની યાત્રા કરી આવ્યાં છે. એમની પહેલીવારની અમરનાથ યાત્રાની અજબની કહાની છે. મોતને માત આપીને ગાંધીદાદા હસતા ખેલતા પાછા આવ્યા છે. ૧૯૯૨માં જ્યારે પહેલીવાર અમરનાથ યાત્રાએ ગાંધીદાદા ગયાં ત્યારે દિલ્હીમાં રેલવે સ્ટેશનના રીયાટરીંગ રૂમમાં એમને અચાનક છાતીમાં દુખવા લાગ્યું. એ બેભાન થઈ ગયાં. શરીર ઠંડુ પડવા લાગ્યું. એમનાં ગૃપમાં ગાંધીનગરના જ એક તબીબ ડો. કિરીટભાઈ પટેલ હતા. ડોક્ટર કીરિટભાઈએ તપાસીને કહ્યું, ‘ડાહ્યાભાઈ ગાંધીનુ પ્રાણપંખેરૂં ઊડી ગયું છે.’ આમ છતાં ચેકઅપ માટે રામમનોહર લોહીયા હોસ્પિટલમાં એમને લઈ જવાયાં. હોસ્પિટલમાં પ્રાથમિક વિધિ ચાલતી હતી એ દરમિયાન અચાનક ડાહ્યાભાઈ ગાંધીએ આંખો ખોલી, એમનાં શરીરની નસોમાં લોહી દોડવા લાગ્યું એ ઊભા થઈ ગયા અને સાથી યાત્રિઓને કહ્યું, ‘મને કશું થયું નથી ચાલો અહીંથી.’ એમ કહીને બધાં મિત્રો સાથે અમરનાથયાત્રા ફરી પાછી શરૂ કરી. બસ એ દિવસ અને આજની ઘડી ગાંધીદાદાએ એક પણ પૈસાની દવા ખાધી નથી. આ કિસ્સાની એ વખતે અખબારોએ પણ ખુબ નોંધ લીધી હતી.

સતત લોકો વચ્ચે રહીને લોકોની હકારાત્મક ઊર્જાને સ્વીકારીને એક સરસ સકારાત્મક માહોલ ઊભો કરવાની કળા ગાંધીદાદાએ હસ્તગત કરી લીધી છે. ગાંધીદાદા હંમેશા કહે છે કે, ‘સામેવાળી વ્યક્તિની સકારાત્મકતા મારા જીવવાનું બળ છે.’ જીવનમાં હકારાત્મકતાનો હોંકારો હોવો જોઈએ. સકારાત્મક વિચારો ૯૨ વર્ષના દાદાને પણ ૨૨ વર્ષના યુવાન જેવા ઉર્જાવાન બનાવી દે છે. સામેવાળી વ્યક્તિના હકારાત્મક વિચારોની ઉર્જાના તરંગો આપણાં વૈચારિક વિશ્વને નવો આયામ આપે છે. અંતઃકરણથી આનંદનો અહેસાસ થાય છે. જે માણસમાં હકારાત્મક વિચાર માટેની રીસેપ્ટીવિટી નથી એના જીવનમાં ક્યારેય આનંદ અને ઉલ્લાસનું સ્થાન હોતુ નથી. સવલતોને સુખ સમજનાર સાચો આનંદ શું છે એ સમજી શકતો નથી. હકારાત્મક માનવીય મૂલ્યોથી આનંદનો માર્ગ પ્રશસ્ત થતો હોય છે. જે માણસમાં હકારાત્મકતાના ઉત્સાહનો આવિર્ભાવ નથી એ માણસ ધાણી-ચણાં ભરેલાં મોટા કોથળા જેવો ફોરો હોય છે.

સકારાત્મકતાથી કોઈકના દુખને હાથ લંબાવીને મુલાયમતાથી અડી તો જોજો. એની ઉપર થોડોક યથાશક્તિ મલમ લગાવી તો જોજો. પછી એની આંખોમાં અને ચહેરા પરના સંતોષને જોઈને મૂલવી જોજો કે સવલતોમાં દેખાય એ સુખ છે કે હકારાત્મકતાના હોકારા બાદ ટપકતા નિર્દોષ આશિર્વાદમાં સાચુ સુખ છે ? આવા સુખને એક અવસર તો આપો. જીવનને વધુ હર્યું ભર્યું કરીને કિલ્લોલ કરવાનો મોકો આપવાનો સંન્નિષ્ઠ પ્રયાસ તો કરી જુઓ ! એક ભાઈ ઠીકઠાક કમાઈ લેતાં. જ્યારે સમાજમાં સારું કામ કરતાં કોઈ વ્યક્તિ મળે એટલે બે હાથ જોડીને વિનમ્રતાપૂર્વક કહેતાં કે, ‘અત્યારે મારી પાસે મારા કામને કારણે સમય ચોક્કસ થોડો ઓછો છે પણ આપ જ્યારે પણ કોઈ સેવાકીય કામ કરો ત્યારે મને અવશ્ય યાદ કરશો તો હું યથાશક્તિ આર્થિક અને સમયની મદદ કરવાં તમારી સાથે આવીશ.’ બસ, જરૂર છે આવા ‘પોઝીટીવ એટીટ્યુટ બિલ્ડીંગ’ની. આવા નાના-નાના પ્રસંગોના બિંદુઓ જ્યારે જોડાતા હોય છે, ત્યારે હકારાત્મક દ્રષ્ટિકોણથી સકારાત્મક સુખની પરિભાષા ખીલતી હોય છે. સકારાત્મક કાર્યોના અંકુર પહેલાં મનમાં પાંગરતા હોય છે. પછી એ કાર્યસ્વરૂપે બહાર આવીને વિકસતા હોય છે. મનમાં સકારાત્મકતાનો વિશ્વાસ તો મુઠ્ઠીમાં આખું આકાશ. બધાને સકારાત્મકતાના સુખનો અનુભવ કરવો છે. પણ શરૂઆત કરતાં ખચકાતા હોય છે. એકવાર એક ડગલું સકારાત્મકતાનું ભરવાની કોશીષ કરો અને પછી જુઓ તમારી દુનિયાને કેટલી સુંદર અને આહલાદક બની જાય છે.

**ધબકાર**

કોઈ પણ કાર્યની શરૂઆત માટે સૌથી ઉત્તમ રસ્તો વાતો બંધ કરી કામ શરૂ કરવાનો છે.



